# જા.ક્ર. ૮૦/૨૦૧૬-૧૭

## જગ્યાનું નામ : ઈતિહાસ વિષયના મદદનીશ પ્રાધ્યાપક,, વર્ગ-૨

ભાગ-૧ અને ભાગ-૨ ના ૧૫૦ મિનિટના સંયુક્ત પ્રશ્નપત્રની પ્રાથમિક કસોટીનો અભ્યાસક્રમ

| પ્રાથમિક કસોટીનો અભ્યાસક્રમ<br>ભાગ-૧<br>માધ્યમ: ગુજરાતી     કુલ ગુણ :૧૦૦ | |
|---|---|
| ૧ | ભારતની ભૂગોળ- ભૌગોલિક, આર્થિક, સામાજિક, કુદરતી સંસાધન અને વસ્તી અંગેની બાબતો- ગુજરાતના ખાસ સંદર્ભ સાથે |
| ૨ | ભારતનો સાંસ્કૃતિક વારસો- સાહિત્ય, કલા, ધર્મ અને સ્થાપત્યો- ગુજરાતના ખાસ સંદર્ભ સાથે |
| ૩ | ભારતનો ઈતિહાસ- ગુજરાતના ખાસ સંદર્ભ સાથે |
| ૪ | ભારતની અર્થવ્યવસ્થા અને આયોજન |
| ૫ | ભારતીય રાજનીતિ અને ભારતનું બંધારણ:<br>(૧) આમુખ<br>(૨) મૂળભૂત અધિકારો અને ફરજો<br>(૩) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો<br>(૪) સંસદની રચના<br>(૫) રાષ્ટ્રપતિની સત્તા<br>(૬) રાજ્યપાલની સત્તા<br>(૭) ન્યાયતંત્ર<br>(૮) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સમાજના પછાત વર્ગો માટેની જોગવાઈઓ<br>(૯) એટર્ની જનરલ<br>(૧૦) નીતિ આયોગ<br>(૧૧) પંચાયતી રાજ<br>(૧૨) નાણા પંચ<br>(૧૩) બંધારણીય તથા વૈધનિક સંસ્થાઓ- ભારતનું ચૂંટણી પંચ, સંઘ લોક સેવા આયોગ, રાજ્ય લોક સેવા આયોગ, કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ; કેન્દ્રીયસતર્કતા આયોગ, લોકપાલ તથા લોકાયુક્ત અને કેન્દ્રીય માહિતી આયોગ |
| ૬ | સામાન્ય બૌદ્ધિક ક્ષમતા કસોટી |
| ૭ | સામાન્ય વિજ્ઞાન, પર્યાવરણ અને ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી |
| ૮ | ખેલ જગત સહિત રોજબરોજના પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્વના બનાવો |

*********

Syllabus of Preliminary Test

Part-1

Medium: Gujarati | Total Marks- 100

| | |
|---|---|
| 1 | Geography of India-Physical, Economic, Social, Natural Resources and population related topics- with special reference to Gujarat |
| 2 | Cultural heritage of India-Literature, Art, Religion and Architecture- with special reference to Gujarat |
| 3 | History of India with special reference to Gujarat |
| 4 | Indian Economy and Planning |
| 5 | Indian Polity and the Constitution of India:<br>(1) Preamble<br>(2) Fundamental Rights and Fundamental Duties<br>(3) Directive Principles of State Policy<br>(4) Composition of Parliament<br>(5) Powers of the President of India<br>(6) Powers of Governor<br>(7) Judiciary<br>(8) Provisions for Scheduled Castes, Scheduled Tribes and backward classes of the society<br>(9) Attorney General<br>(10) NITIAayog<br>(11) Panchayati Raj Institutions<br>(12) Finance Commission<br>(13) Constitutional and Statutory Bodies: Election Commission of India, Union Public Service Commission, State Public Service Commission, Comptroller and Auditor General; Central Vigilance Commission, Lokpal and Lokayukta, Central Information Commission |
| 6 | General Mental Ability |
| 7 | General Science, Environment and Information & Communication Technology |
| 8 | Daily events of Regional, National and International Importance including Sports |

*********

જાહેરાત ક્રમાંક ૮૦-૨૦૧૬-૧૭

ભાગ-૨ સંબધિત વિષયનો અભ્યાસક્રમ

જ્ગ્યાનુ નામ :-ઇતિહાસના મદદનીશ પ્રાધ્યાપક,વર્ગ-૨

**કુલ પ્રશ્નો ૨૦૦ કુલ ગુણ ૨૦૦ માધ્યમ : ગુજરાતી**

## ૧. વિભાવનાઓ, ખ્યાલો અને સંજ્ઞાઓ

| | | |
|---|---|---|
| ભારતવર્ષ | દસ્તુર | તુર્કાન-એ-ચહલધાની |
| સભા અને સમિતિ | મનસબ (દરજ્જો) | વતન |
| વર્ણાશ્રમ | દેશમુખ | બલુત |
| પુરુષાર્થો | નડુ | ઇકતા |
| ઋણ | પરગણા | જઝિયા |
| સંસ્કારો | બંગાળી વૈષ્ણવધર્મ | મદદ-એ-માશ |
| યજ્ઞ | ‘અલ્ત’માઘ | અમરામ |
| કર્મનોસિદ્ધાંત | શહ્‌ના-એ-મંડી | રાયા-રખો |
| દંડનીતિ/અર્થશાસ્ત્ર | વેપારવાદ | જંગમ |
| સપ્તાંગ | આર્થિક રાષ્ટ્રવાદ | દ્વિમુખી પદ્ધત્તિ |
| ધર્મવિજય | ભારતીય નવજાગૃતિ | સમવાયવાદ |
| સ્તુપ/ચૈત્ય | આર્થિક શોષણ | ઉપયોગિતાવાદ |
| નગર/દ્રવિડ/વેસર | સંસ્થાનવાદ | ગાળણ (નિતારણ) નીતિ |
| બોધિસત્વ/તીથંકર | સર્વોપરિ સત્તા | આગેબઢો નીતિ |
| અલવારો/નયનારો | કાર/વિષ્ટિ | ખાલસા નીતિ |
| શ્રેણી | સ્ત્રી ધન | સત્યાગ્રહ |
| ચોથ | પાળિયા | સ્વદેશી |
| હુંડી | અગ્રહારો | પુનર્જીવનવાદ |
| સરાફ | ખિલાફત | કોમવાદ |
| પોલિગરો | સુલહ-એ-કુલ | પ્રાચ્યવિદ્યા પરસ્તી |
| જાગીર | મહારાષ્ટ્ર ધર્મ | બિન-ઔદ્યોગિકરણ |
| સહાયકારી સંધિ | ખ્રિસ્તીધર્મ ઉપદેશવાદ | ભૂદાન |
| પંચશીલ | મિશ્ર અર્થતંત્ર | ભારતીય ડાબેરી પક્ષ |
| હિંદુ કાયદા-સંહિતા (હિંદુ કોડ બિલ) | | |

## ૨. પ્રાચીન ભારતનો ઇતિહાસ

**પ્રાગ-ઐતિહાસિક અને આરંભિક ઇતિહાસ (Proto-History)**

માનવ અને પર્યાવરણ-ભૌગોલિક પરિબળો, શિકારા અને ભેગું કરવું, (જૂનો પાષાણયુગ (Paleolithic) અને મધ્યપાષાણયુગ (Mesolithic)) : કૃષિનો આરંભ (નવો પાષાણયુગ (Neolithic) અને તામ્ર-પાષાણયુગ (Chalcolithic))

**સિન્ધુ ખીણની સંસ્કૃતિ:**

ઉદ્ભવ, કાળ, વિસ્તાર, લક્ષણો, પતન, ભૂતકાલીન અવશેષો અને મહત્વ. લોહયુગ, બીજું શહેરીકરણ

**વૈદિકયુગ:**

સ્થળાંતરો અને વસાહતો, વૈદિક, સાહિત્યિક અને પુરાતત્વવિદ્યાકીય પુરાવાઓનો કાળનિર્ણય, સામાજિક અને રાજકીય સંસ્થાઓનો વિકાસ, ધાર્મિકા અને તત્વજ્ઞાનની વિચારધારાઓ, વિધિવિધાનો અને કર્મકાંડ.

**મહાજનપદયુગ:**

રાજ્યો(મહાજનપદો)ની રચના, ગણતંત્રો અને રાજાશાહી, નગરકેન્દ્રોનો ઉદય, વેપારી-માર્ગો, આર્થિક વિકાસ, નાણાપદ્ધત્તિનો પ્રારંભ, જૈનધર્મ અને બૌદ્ધધર્મનો ફેલાવો, મગધ અને નંદોનો ઉદય, ઈરાની અને મેસિડોનિયન આક્રમણો અને તેનો પ્રભાવ

**મૌર્ય-સામ્રાજ્ય:**

મૌર્યસામ્રાજ્યની સ્થાપના, ચંદ્રગુપ્ત, કૌટિલ્ય અને અર્થશાસ્ત્ર, અશોક:ધર્મની વિભાવના, રાજાજ્ઞાઓ, બ્રાહ્મી અને ખરોષ્ઠી લિપિ

વહીવટ તંત્ર: અર્થતંત્ર, સ્થાપત્ય અને શિલ્પકલા, વિદેશી સંપર્કો, સામ્રાજ્યનું વિઘટન; શુંગો અને કણ્વો.

**મૌર્યોત્તર કાળ (હિન્દુ-ગ્રીકો, શકો, કુષણો અને પશ્ચિમના ક્ષત્રપો)**

બાહ્ય જગત સાથે સંપર્ક, નગરકેન્દ્રોનો વિકાસ, અર્થ તંત્ર, સિક્કાઓ, ધર્મોનો વિકાસ, મહાયાન, સામાજિક પરિસ્થિતિઓ, કલા અને સ્થાપત્ય, સાહિત્ય અને વિજ્ઞાન.

**પૂર્વભારત, દખ્ખણ અને દક્ષિણ ભારતમાં પ્રારંભિક રાજ્ય અને સમાજ:**

ખારવેલ, સાતવાહનો, સંગમયુગીન તામીલ રાજ્યો, વહીવટીતંત્ર, અર્થતંત્ર, ભૂમિદાનના પટ્ટા, સિક્કા, વેપારમંડળો અને નગરકેન્દ્રો, બૌદ્ધધર્મ કેન્દ્રો, સંગમ-સાહિત્ય અને સંસ્કૃતિ, કલા અને સ્થાપત્ય.

**ગુપ્ત સામ્રાજ્ય અને ભારતના પ્રાદેશિક રાજ્યો**

ગુપ્તો અને વાકાટકો, હર્ષ, વહીવટીતંત્ર, આર્થિક પરિસ્થિતિઓ, ગુપ્તવશંના સિક્કાઓ, ભૂમિદાનના પટ્ટા, નગરકેન્દ્રોની પડતી, ભારતની સામંતશાહી, જ્ઞાતિપ્રથા, સ્ત્રીઓનું સ્થાન, શિક્ષણ અને શૈક્ષણિક સંસ્થાઓ-નાલંદા, વિક્રમશીલા અને વલ્લભી, મધ્યએશિયા, અગ્નિ-એશિયા અને ચીન જેવા પડોશી દેશો સાથેના સંપર્કો, સંસ્કૃત સાહિત્ય, વિજ્ઞાનગ્રંથો, કલા અને સ્થાપત્ય.

કદમ્બો, ગંગો, પલ્લવો અને બદામીના ચાલુક્યો, વહીવટીતંત્ર, વેપારમંડળો, સંસ્કૃત સાહિત્ય અને પ્રાદેશિક ભાષાઓ અને લિપિઓનો વિકાસ, વૈષ્ણધર્મ અને શૈવધર્મનો વિકાસ, તામીલ ભક્તિ આંદોલન, શંકરાચાર્ય-વેદાન્ત, મંદિરની સંસ્થાઓ અને મંદિર સ્થાપત્ય.

કામરૂપનાં વર્મનો, પાલો અને સેનો, રાષ્ટ્રકૂટો અને પ્રતિહારો, કલચુરી-ચેદીઓ, પરમારો, ગુજરાતના ચાલુક્યો, ચોલો, ચેરાઓ, હોયસલો, પાંડ્યો, વહીવટીતંત્ર અને સ્થાનિક શાસન, કલા અને સ્થાપત્યનો વિકાસ, ધર્મસંપ્રદાયો, મંદિર અને મઠોની સંસ્થા, અગ્રહારો, શિક્ષણ અને સાહિત્ય, અર્થતંત્ર અને સમાજ, શ્રીલંકા અને અગ્નિ એશિયા સાથેનો સંપર્ક.

## ૩. મધ્યકાલીન ભારતનો ઇતિહાસ

### રાજકીય વિકાસ

સલ્તનત – ઘોરીઓ, તુર્કો, ખિલજીઓ, તુઘલખો, સૈયદો અને લોદીઓ

મુઘલ સામ્રાજ્યનો પાયો: બાબર, હૂમાયુ અને સૂરી, અકબરથી ઔરંગઝેબ સુધીનો રાજ્ય વિસ્તાર

મુઘલ સામ્રાજ્યની પડતી: રાજકીય, વહીવટી અને આર્થિક કારણો.

પછીના મુઘલો અને મુઘલ સામ્રાજ્યનું વિઘટન

વિજયનગર અને બહમની રાજ્ય – ઉદય, વિસ્તાર અને વિઘટન. મરાઠાઓનો ઉદય-શિવાજી દ્વારા સ્વરાજની સ્થાપના, પેશ્વાઓના શાસનકાળમાં તેનો વિસ્તાર,મરાઠાસંઘ – પડતીનાં કારણો.

### વહીવટીતંત્ર:

સલ્તનતનું વહીવટીતંત્ર: મુલકી, ન્યાયકીય, નાણાકીય, મહેસૂલ અને લશ્કરી

શેરશાહના વહીવટી સુધારા: મુઘલવહીવટીતંત્ર, જમીનમહેસૂલ અને આવકના અન્ય સાધનો, મનસબદારી અને જાગીરદારી.

દખ્ખણમાં: વિજયનગર, બહમની અને મરાઠાઓનું વહીતટીતંત્ર

### આર્થિક પાસાં:

કૃષિ ઉત્પાદન: ગ્રામિણ અર્થવ્યવસ્થા, કૃષિવર્ગ, નગરકેન્દ્રો અને વસતિ.

ઉદ્યોગ: સુતરાઉ કાપડ, હસ્ત ઉદ્યોગ, કૃષિ આધારિત ઉદ્યોગો, સંગઠન, કારખાનાઓ, યંત્ર-ઉદ્યોગશાસ્ત્ર (ટેકનોલોજી)

વેપાર- વાણિજ્ય: રાજ્યનીતિઓ, આંતરિક અને બાહ્ય વેપાર.

યુરોપીય વેપાર – વેપાર કેન્દ્રો અને બંદરો, વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહાર.

નાણાકીય તંત્ર: વેપાર વાણિજ્ય અને ઉદ્યોગો; હૂંડી (નાણા સગવડો) અને વિમો.

ચલણ.

**સામાજિક – ધાર્મિક ચળવળો:**

સૂફીઓ: તેમના પંથો, માન્યતાઓ અને કર્મકાંડ, અગ્રણી સૂફી સંતો

ભક્તિસંપ્રદાય: શૈવસંપ્રદાય અને તેની શાખાઓ, વૈષ્ણવ સંપ્રદાય અને તેની શાખાઓ.

મધ્યકાલીન સંતો: (ઉત્તર અને દક્ષિણ) સામાજિક – રાજકીય તેમજ ધાર્મિક જીવન પર તેમનો પ્રભાવ.

શીખચળવળ: ગુરુનાનક દેવ, તેમનાં ઉપદેશો અને વિધિવિધાન, આદિગ્રંથ, ખાલસા.

**સમાજ**

વર્ગીકરણ : શાસકવર્ગ, મુખ્ય ધાર્મિક જૂથો, વેપારી અને વ્યવસાયી વર્ગો,

ગ્રામિણસમાજ: નાના સરદારો, ગ્રામિણ અમલદારો, ખેડૂતો અને ખેડૂત સિવાયના વર્ગો, કારીગરો.

સ્ત્રીઓની સ્થિતિ

**સાંસ્કૃતિક જીવન:**

શૈક્ષણિક પદ્ધત્તિ અને તેના પ્રેરક પરિબળો.

સાહિત્ય : ફારસી, સંસ્કૃતિ અને પ્રાદેશિક ભાષાઓમાં.

સાહિત્ય : ચિત્રકલાની મુખ્ય પદ્ધત્તિઓ, સંગીત.

ઉત્તર અને દક્ષિણ ભારતમાં સ્થાપત્ય કલાનો વિકાસ, હિન્દુ-ઈસ્લામ (ઇન્ડો-ઇસ્લામ) સ્થાપત્ય

## ૪. અર્વાચીન ભારતનો ઈતિહાસ

**બ્રિટિશસત્તાનો ઉદય:**

૧૭ મી – ૧૮ મી સદીમાં હિન્દમાં યુરોપીય વેપારીઓ – પોર્ટુગીઝ, ડચ, ફ્રેન્ચ અને બ્રિટીશ.

હિન્દમાં બ્રિટીશ આધિપત્યની સ્થાપના અને વિસ્તાર.

બંગાળ, અવધ, હૈદ્રાબાદ, મૈસૂર, મરાઠાઓ અને શીખો જેવી હિન્દની મુખ્ય સત્તાઓ પર બ્રિટીશ સત્તાનો અંકુશ અને તેમની સાથેનાં સંબંધો

**બ્રિટીશ કંપની અને તાજનો વહીવટ:**

ઈસ્ટઈન્ડિયા કંપનીનાં ૧૭૭૩-૧૮૫૩ના સમયગાળાનાં હિંદના કેન્દ્રીય અને પ્રાંતીય – વહીવટી માળખાંનો વિકાસ

બ્રિટીશ અને તાજના નેજા હેઠળ સર્વોપરિસત્તા, સનદીસેવા, ન્યાયતંત્ર, પોલીસ અને લશ્કર, અને સ્થાનિક શાસન.

બંધારણીય ફેરફારો (૧૯૦૯ થી ૧૯૩૫)

**આર્થિક ઈતિહાસ:**

વેપારનાં કદ અને દિશામાં પરિવર્તન, 'ખંડણી'. કૃષિનું વિસ્તરણ અને વ્યવસાયિકરણ, જમીન હક્કો, જમીન માલિકી અંગેની સમજૂતીઓ, ગ્રામીણ દેવાદારી અને ભૂમિહીન મજૂરો.

ઉદ્યોગોની પડતી : કારીગરોની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓમાં પરિવર્તન, બિન-શહેરીકરણ

બ્રિટિશ-ઉદ્યોગ-નીતિ : મુખ્ય આધુનિક ઉદ્યોગો, કારખાના અંગેના કાયદાઓનું સ્વરૂપ, કામદારો અને મજૂર સંઘની ચળવળો.

નાણાનીતિ : બેકીંગ, ચલણી નાણું અને વિનિમય દર, રેલ્વે અને માર્ગ-વાહનવ્યવહાર

નવા શહેરી કેન્દ્રોનો વિકાસ, નગર આયોજનની અને સ્થાપત્યનાં નૂતન લક્ષણો.

દુકાળો અને રોગચાળો અને સરકારની નીતિ

આર્થિક વિચારસરણી : અંગ્રેજ ઉપયોગિતાવાદીઓ : ભારતીય આર્થિક ઇતિહાસકારો, શોષણનો સિદ્ધાંત

**હિંન્દુંનું સમાજજીવન સ્થિત્યંતરની દશામાં-**

ખ્રિસ્તી સમાજ સાથેનો સપર્ક: મિશનો, હિન્દના સામાજિક આર્થિક વ્યવહારો અને ધાર્મિક માન્યતાઓની સમીક્ષા, શૈક્ષણિક અને ઈતર પ્રવૃત્તિઓ

નૂતન શિક્ષણ : સરકારની નીતિ, તેની કક્ષાઓ અને વિષયવસ્તુ, અંગ્રેજી ભાષા, આધુનિક વિજ્ઞાન, શિક્ષણક્ષેત્રે હિન્દીઓની પહેલ, રાજારામ મોહનરાય-સામાજિક-ધર્મિક સુધારા, મધ્યમવર્ગનો ઉદય.

જ્ઞાતિ-સંગઠનો અને જ્ઞાતિઓમાં ગતિશીલતા

સ્ત્રીઓનો પ્રશ્ન : રાષ્ટ્રવાદી સંવાદ-મહિલા-સંસ્થાઓ, મહિલા સંબંધી બ્રિટિશ કાનૂનો, બંધારણીય દરજ્જો

મુદ્રણાલયો : પત્રકારપ્રવૃત્તિ અને લોકમત

ભારતીય ભાષાઓ અને સાહિત્ય સ્વરૂપોનું આધુનિકીકરણ, સંગીત ચિત્રકલા અને નાટ્યકલા વિશે પુન:અભિમુખતા

**રાષ્ટ્રીય ચળવળ:**

ભારતીય રાષ્ટ્રવાદનો ઉદય, રાષ્ટ્રવાદના સામાજિક-અને આર્થિક આધારો- ૧૮૫૭નો બળવો અને વિભિન્ન સામાજિક વર્ગો, આદિવાસીઓ અને ખેડૂતોના આંદોલનો, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની વિચારધારા અને ૧૮૮૫ થી ૧૯૨૦ના કાર્યક્રમો: સ્વદેશી આંદોલનનાં વલણો, હિન્દ અને પરદેશમાં રહેતા ભારતેય ક્રાંતિકારોની વિચારધારા અને કાર્યક્રમો ગાંધીવાદી લોકઅંદોલનો, જસ્ટિસ પાર્ટીની વિચારધારા અને કાર્યક્રમો, જહાલવાદી રાજકારણ, દલિત/હરિજન – વર્ગોના આંદોલનો

કોમવાદી રાજકારણ અને પાકિસ્તાનનો ઉદ્ભવ-આઝાદી તરફ પ્રયાણ અને ભાગલા

**સ્વાતંત્ર્યોત્તર ભારત (૧૯૪૭-૧૯૬૪)**

ભાગલા પછીનો પુનર્વસવાટ, હિંદનાં દેશી રાજ્યોનું એકીકરણ,, કાશ્મિર-સમસ્યા, ભારતના બંધારણનું ઘડતર, અમલદારશાહીનું માળખું અને પોલિસતંત્ર, વસતી અંગેના વલણો, આર્થિક નીતિઓ અને આયોજન-પ્રક્રિયા, પ્રાંતોની ભાષાવાર પુનઃરચના, વિદેશનીતિની પહેલાઈઓ

## ૫. વિશ્વનો ઇતિહાસ: વિભાવનાઓ, ખ્યાલો અને સંજ્ઞાઓ:

| | |
|---|---|
| પ્રાગ ઇતિહાસ | માનવતાવાદ |
| દફન વિધિઓ | ભવ્ય આપખુદ રાજતંત્ર |
| માતૃદેવી | દૈવી હક્ક |
| કાનૂન-સંહિતા | દેવળની સર્વોપરિતા |
| એથન્સની લોકશાહી | પવિત્ર રોમન સામ્રાજ્ય |
| સામ્રાજ્યવાદી રોમ | સામાજિક કરાર અને સામાન્ય ઈચ્છા |
| ગુલામી | રાષ્ટ્રીય રાજ્યો |
| ઉમરાવશાહી | નવજાગૃતિ |
| કન્ફશિયસ ધર્મ | ધર્મસુધારણા |
| જાગીરદારી પદ્ધત્તિ | ડાર્વિનવાદ |
| પ્લેગ (બ્લેક ડેથ) | મહામંદી (૧૯૨૯) |
| સામંતશાહી | નારીવાદ |
| બિન-જોડાણનીતિ | સંસદીય લોકશાહી |
| લોકશાહી | નાઝીવાદ |
| રાષ્ટ્રસમુહ | સામ્રાજ્યવાદ |
| સમાજવાદ | શક્તિ સંતુલનનો સિદ્ધાંત |
| રંગભેદની નીતિ | માનવ હક્કો |
| ઠંડુ યુદ્ધ | અનુ-આધુનિકતાવાદ |

## ૬. ઈતિહાસમાં સંશોધન:

ઈતિહાસનું કાર્યક્ષેત્ર અને મહત્વ, ઈતિહાસમાં વસ્તુલક્ષિતા અને પૂર્વગ્રહો, ઈતિહાસ અને તેના સહાયક શાસ્ત્રો, સંશોધનનું ક્ષેત્ર – સૂચિત

આધાર સાધનો: સૂચિત સંશોધન ક્ષેત્ર માટેનાં પ્રાથમિક અને ગૌણ આધાર સાધનો, સંશોધકના સંશોધનના ક્ષેત્રો અંગેના આધુનિક ઐતિહાસિક લખાણો

## ૭. ગુજરાત નો ઇતિહાસ અને સંસ્કૃતિ:

(૧) ગુજરાતમાં પાષાણકાલીન સ્થળો અને તેની સંસ્કૃતિ

(૨) મૌર્યયુગીન ગુજરાત

(૩) શકકાલીન ગુજરાત

(૪) મૈત્રકકાલીન ગુજરાત

(૫) સોલંકી – વાઘેલાયુગ

(૬) ગુજરાતમાં મુસ્લીમ સલ્તનતની સ્થાપના અને વિકાસ

(૭) પ્રાચીનકાળથી બ્રિટીશકાળની સ્થાપના સુધીના ગુજરાતની સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ : સાહિત્ય, કલા, સ્થાપત્યના સંદર્ભમાં

(૮) મરાઠીકાલીન ગુજરાત

(૯) બ્રિટીશકાલીન ગુજરાત : નર્મદ, કરસનદાસ મુળજી, મહિપતરામ રૂપરામ જેવા મહત્વપૂર્ણ સુધારકો અને ગુજરાતમાં સામાજિક- ધાર્મિક સુધારક ચળવળો

(૧૦) આધુનિક ગુજરાતમાં સામાજિક પરિવર્તન

(૧૧) મહાગુજરાતની ચળવળ

(૧૨) નવનિર્માણ આંદોલન અને ગુજરાત

(૧૩) ઇ.સ.૧૯૬૦ થી ઇ.સ.૨૦૦૦ સુધીના ગુજરાતની સફર.